# 8 મધ્યકાલીન સ્થાપત્યો

માણસની દરેક પ્રવૃત્તિ મોટે ભાગે કમાણી સાથે આનંદ પણ મેળવવાની હોય છે. શાસકો અને શ્રીમંત માણસો પણ વિવિધ કલાઓ દ્વારા આનંદ મેળવે છે. સાહિત્ય, ચિત્ર, સંગીત, નૃત્ય અને સ્થાપત્યો જેવી કલાઓ દરેક વ્યક્તિને આનંદ આપી જાય છે. આર્થિક રીતે પગભર થયેલો માનવ આસપાસના સમાજમાં પોતાના કાળે પોતાની કીર્તિ, સમાજની જરૂરિયાત કે આસ્થા માટે લોકભોગ્ય અને લોક-ઉપયોગી બાંધકામ દ્વારા આનંદ મેળવતો રહ્યો છે, જે તે સમયનાં સામાન્ય બાંધકામોની સરખામણીએ કંઈક વિશેષતા સૂચવતાં હોય, નમૂનેદાર હોય, દર્શનીય હોય, વિશિષ્ટ કલા-કસબ પ્રગટ કરતાં હોય એવાં મોટા ભાગે અંગત માલિકનાં ન બની રહે તેવાં બાંધકામો એટલે સ્થાપત્યો. ગુજરાત પ્રદેશમાં જે તે સ્થળે અને કાળે આવાં સ્થાપત્યો નિર્માણ પામ્યા છે. આપણે આ એકમમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત બહારનાં સ્થાપત્યો વિશે જાણીશું.

**સોમનાથ :**

જૂનાગઢ જિલ્લાના વેરાવળ પાસે આવેલા પ્રભાસપાટણમાં સોમનાથ મંદિર આવેલું છે. સોમનાથ શૈવપંથનું એક અત્યંત પુરાતન, સમૃદ્ધ અને મહત્ત્વનું કેન્દ્ર હતું. આજે પુરાણા મંદિરનું માત્ર સ્થાન જોવા મળે છે. છેલ્લે 1951માં આ નવા મંદિરનું નિર્માણ થયેલ છે. આ સોમનાથ એ ભારતમાં અત્યંત પવિત્ર એવાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે.



8.1 સોમનાથનું મંદિર



8.2 દ્વારકાધીશનું મંદિર

**દ્વારકાધીશનું મંદિર :**

જામનગર જિલ્લામાં ગુજરાતના પશ્ચિમ દરિયાકાંઠે વિખ્યાત યાત્રાધામ દ્વારકા આવેલુ છે. ભારત પ્રસિદ્ધ ચાર હરિધામોનું આ હરિધામ ગોમતી નદીના ઉત્તર કિનારે આવેલું છે. તેનું સ્થાપત્ય તેરમી સદીનું છે. તેમાં ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ, ગર્ભગૃહ, વિશાળ સભાગૃહ તથા મહામંડપનો સમાવેશ થાય છે. અંદાજે એંશી પગથિયાં જેટલી ઊંચાઈ પર આવેલ આ

મંદિર છે. આ મંદિરને છ માળવાળું શિખર છે. સામે પાંચ માળના વિશાળ મંડપ છે. તેનો ઘુમ્મટ 60 સ્તંભો પર ઊભો છે. બહારની બાજુએ આખા મંદિર પર સુંદર શિલ્પકામ કરેલ છે, પણ અંદરની રચના કોતરણી વિનાની સાદી છે.

**આટલું જાણો**

ગુજરાતના પશ્ચિમ કાંઠે શ્રીકૃષ્ણએ દ્વારિકાનગરી વસાવી એટલે દ્વારકાધીશ પણ કહેવાય છે. આ મંદિર જગતમંદિર તરીકે ઓળખાય છે.

દ્વારકામાં આ મંદિરની બાજુમાં જ શ્રીમદ્ શંકરાચાર્યનો મઠ છે. આદ્યશંકરાચાર્યએ ભારતની ચારેય દિશાઓમાં જે ચાર મઠ સ્થાપ્યા, તેમાંનો એક 'શારદાપીઠ' અહીં છે.



**8.3 મોઢેરાનું સૂર્યમંદિર**

### સૂર્યમંદિર :

મહેસાણા જિલ્લામાં આવેલું મોઢેરા એના સૂર્યમંદિર માટે ભારત-વિખ્યાત છે. ઇતિહાસ તેમજ શિલ્પસ્થાપત્યના જિજ્ઞાસુઓ માટે આ મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું છે.

મોઢેરાનું સૂર્યમંદિર ભારતભરનાં જૂજ તેમજ મહત્ત્વનાં સૂર્યમંદિરોમાંનું એક છે. લગભગ કર્કવૃત્ત પર આવેલું આ સૂર્યમંદિર પૂર્વીય ભારતના કોણાર્કના સૂર્યમંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે. ઈ.સ.1026-27ના અરસામાં ભીમદેવ પહેલાના સમયમાં બંધાયેલું મોઢેરાનું આ સૂર્યમંદિર શિલ્પ તેમજ સ્થાપત્યકલાની દૃષ્ટિએ અદ્ભુત છે. ઊંચા ઓટલા પર આવેલું આ મંદિરનું ગર્ભગૃહ, અંતરાલ અને સભામંડપ એમ ત્રણ અંગો ધરાવે છે. મંદિરની છતને આઠ થાંભલાઓનો આધાર આપવામાં આવ્યો છે. આ થાંભલાઓ અષ્ટકોણ આકારના છે અને તેના પર ભરચક કોતરણી છે. મંદિરની બહારની દીવાલ ઉપર પણ અદ્ભુત શિલ્પકૃતિઓ કંડારાયેલી છે. આ મંદિરની રચના એવી રીતે કરવામાં આવી છે કે શરદ અને વસંતઋતુમાં સૂર્યનાં કિરણો આખા સભામંડપને વીંધીને બરાબર ગર્ભગૃહમાં પડે. આ સ્થાપત્ય ભારતભરનાં શ્રેષ્ઠ સ્થાપત્યોની હરોળમાં યશસ્વી નીવડી શકે તેવું ગૌરવપ્રદ છે. મંદિરના પરિસરમાં પ્રવેશતાં જ ચોકમાં કુંડ છે. તેની બાંધણી પણ સ્થાપત્યની દૃષ્ટિએ નોંધ પાત્ર છે.



**8.4 રુદ્રમહાલય**

### રુદ્રમહાલય :

પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં આવેલા રુદ્રમહાલયનું વર્ણન પ્રાચીન ગ્રંથોમાં વાંચતાં જણાય છે કે તે મહાલય નામનું યોગ્ય-ભવ્ય-વિશાળ અને અનુપમ શિલ્પ સમૃદ્ધિવાળું સ્થાપત્ય હતું. સોલંકીયુગના મૂળરાજે તે બાંધવાની શરૂઆત કરેલી અને સિદ્ધરાજ જયસિંહે પૂર્ણ કરાવેલ. તેના સભાખંડો, ઉપખંડો, માળ-મેડીઓ અને ઝરૂખા અસંખ્ય સ્તંભોને મનોહર શિલ્પબદ્ધ તોરણો તેની સમૃદ્ધિનાં દર્શન કરાવે છે.

સમયકાળે તેનો નાશ થતો ગયો. આજે તે માત્ર ચારેક થાંભલા ને ઉપર કમાન જેવું થોડુંક બચ્યું છે. પણ તે જોતા આ મહાલય કેવું ભવ્ય અને સુંદર હશે તેની કલ્પના કરી શકાય.

### પાલીતાણા



8.5 શેત્રુંજય

શેત્રુંજય ડુંગરમાળા પરનું આ જૈનતીર્થ ભાવનગરથી આશરે 60 કિમી દૂર આવેલું છે. પાલીતાણા જૈનોનું મહાતીર્થ છે. 603 મીટર ઊંચી શેત્રુંજય પર્વતમાળા પર અસંખ્ય મંદિરો આવેલાં છે. આ સ્થળ ધાર્મિક રીતે જૈનોની શ્રદ્ધાનું પ્રતીક છે. લગભગ દરેક જૈનને વર્ષમાં એક વાર પાલીતાણાની જાત્રા કરવાની ઝંખના હોય છે. શેત્રુંજય જૈનોના પહેલા તીર્થંકર આદિનાથ ભગવાન ઋષભદેવજીનું સ્થાન ગણાય છે. મોટે ભાગે આરસપહાણથી અને સફેદ પથ્થરોથી બંધાયેલાં આ મંદિરોનું સ્થાપત્ય અને બેનમૂન કારીગરીવાળું ઉત્કૃષ્ટ કોટિનું શિલ્પ અને કોતરકામ અતિ સુંદર છે. પર્વતની ટોચ પર બંધાયેલ આ મંદિર નગરી પવિત્ર અને મનોરમ્ય લાગે છે.

શેત્રુંજય પર્વતમાળાનાં મંદિરોના નિર્માણકાર્યમાં આચાર્ય હેમચંદ્રાચાર્ય, સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ જેવા રાજવીઓ અને શ્રેષ્ઠિઓ અને સામાન્ય ધર્મવીરોનો ફાળો છે.

### સિદીસૈયદની જાળી અને કાંકરિયા તળાવ :



8.6 સિદીસૈયદની જાળી

અમદાવાદના લાલદરવાજે આવેલી સિદીસૈયદની જાળી શમસુદ્દીન મુઝફરશાહ ત્રીજાના સૈનિક સિદીસૈયદ દ્વારા બનાવવામાં આવી હતી. મસ્જિદની દીવાલમાં પથ્થરની કોતરાયેલી જાળીઓ છે એકમાં વૃક્ષની ડાળીઓમાંથી રચાયેલી આકૃતિઓ છે, તો બીજીમાં ભૌમિતિક ભાતો છે. સલ્તનતકાળ દરમિયાન અમદાવાદમાં કુતુબુદ્દીને એક તળાવનું બાંધકામ કરાવ્યું હતું, જે ‘હોજે કુતુબ’ના નામે ઓળખાતું હતું. જે આજે કાંકરિયા તળાવ તરીકે ઓળખાય છે. કાંકરિયા તળાવ આજે અદ્યતન પ્રવાસનસ્થળ તરીકે આગવી ઓળખ ધરાવે છે.

આપણે ગુજરાતનાં કેટલાંક સ્થાપત્યો વિષે જાણ્યું. હવે આપણે મધ્યકાલીન ભારતનાં કેટલાંક સ્થાપત્યો વિષે જાણીશું. આ સમયમાં દિલ્લી સલ્તનત, મોઘલ, ચૌલ રાજ્યોમાં કેટલીક ખાસ શૈલીથી બનેલી ઇમારતોનું નિર્માણ થયેલ છે.

### દિલ્લી સલ્તનત સમયનું સ્થાપત્ય :

આ શૈલી ભારત તથા ઈરાનની શૈલી મળીને બનેલી છે. તેમાં ચૂનો અને ઈંટને પીસીને બનાવેલ પાઉડરના મિશ્રણને ભવન, ઇમારતો માટે ઉપયોગમાં લેવાતું. આ સમયે કમાન પ્રકારનું અને ગુંબજનો પ્રયોગ પહેલી વાર થયો હતો. સલ્તનકાળની ઇમારતને શણગારવામાં સુરેખ, ભૌમિતિક આકાર, ફૂલ, પાંદડાં અને વેલની આકૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### કુતુબમિનાર :

નવી દિલ્લીમાં સ્થિત આ મિનારાના નિર્માણની શરૂઆત કુતુબુદ્દીન ઐબકે કરી હતી. તેનો વિસ્તાર શમ્યુદિન ઇલ્તુત્મિશે કર્યો હતો. આ પાંચ માળનો મિનારો છે. તે ભારતનો આ પ્રકારનો સૌથી વધુ ઊંચાઈ ધરાવતો મિનારો છે.



8.7 કુતુબમિનાર

### ઢાઈ દિન કા ઝોંપડા :

આ એક મસ્જિદ છે. આનું નિર્માણ કુતુબુદ્દીન ઐબકે કરાવ્યું હતું. આ ભારતમાં બનેલી પહેલી મસ્જિદ હતી, જે હાલ દિલ્લીમાં આવેલી છે.



8.8 ઢાઈ દિન કા ઝોંપડા

### ચૌલસમયનું સ્થાપત્ય :

ચૌલની દ્રવિડ શૈલીની કેટલીક વિશેષતાઓ છે. વર્ગાકાર વિમાન, મંડપ, ગોપુરમ્ અને સંયુક્ત સ્તંભોનો પ્રયોગ મંદિરનો સમગ્ર ઢાંચો એક પરિસરમાં ઊંચી દીવાલથી બંધાયેલો રહેતો, જેમાં ઊંચાં પ્રવેશદ્વાર હતા, જેને બૃહદેશ્વર કહેવામાં આવે છે.



8.9 બૃહદેશ્વર

### બૃહદેશ્વરનું મંદિર :

રાજરાજ દ્વારા નિર્મિત તુંજાવરનું રાજેશ્વર કે બૃહદેશ્વર મંદિર દ્રવિડ ચૌલ સ્થાપત્યકલા શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આમાં બે ગોપુરમ્ છે. ચૌલ કાલીન મૂર્તિકલામાં નટરાજ કે નૃત્ય કરતા શિવની મૂર્તિ કાંસ્યમૂર્તિઓમાં સર્વોત્તમ છે.

### મુઘલ સમયનું સ્થાપત્ય :

મુઘલકાળમાં સ્થાપત્યની એક નવી પરંપરાની શરૂઆત થઈ. તેમાં ભવનોને ઊંચા ઓટલા પર બનાવવામાં આવતાં હતાં. તેની ચારેય બાજુ બગીચો બનાવવામાં આવતો હતો. તેઓ પોતાનો ઈમારતમાં વહેતા પાણીની વ્યવસ્થા કરતા હતા. આ કાળની ઘણી બધી ઈમારતો સફેદ આરસપહાણની બની હતી. તેઓની ઈમારતોમાં જડેલા રંગીન પથ્થરોનો બહુ જ સુંદર ઉપયોગ થયેલો છે.



8.10 બુલંદ દરવાજો

### બુલંદ દરવાજા; ફતેહપુર સિક્રી :

અકબરે આગ્રાની નજીક સિક્રીના પહાડ પર એક નવી રાજધાનીની રચના કરી હતી. આનું નામ ફતેહપુર (વિજય-નગરી) રાખવામાં આવ્યું હતું. ફત્તેહપુર સિક્રીનું સૌથી મહત્ત્વપૂર્ણ ભવન જામામસ્જિદ છે. જામામસ્જિદનું દક્ષિણ પ્રવેશદ્વાર બુલંદ દરવાજો છે. આ ભારતનો સૌથી ઊંચો (53 મીટર) ઘુમ્મટવાળો

દરવાજો છે. આ મહેલમાં પંચમહલ નામની પાંચ માળની ઈમારત પણ છે.

**લાલકિલ્લો :**

દિલ્લીમાં શાહજહાંએ રાજવી કુટુંબના નિવાસસ્થાન માટે લાલકિલ્લાનું નિર્માણ કરાવેલ. આ કિલ્લાની અંદરના મહત્ત્વનાં બાંધકામો જેવાં કે દીવાને આમ, મોતી મસ્જિદ, દીવાને ખાસ અને હયાતબખ્શ બાગ આવેલા છે.



8.11 લાલકિલ્લો

**તાજમહેલ :**

મુઘલ સમ્રાટ શાહજહાંએ પોતાની પત્ની મુમતાજ મહલની યાદમાં આગ્રામાં સંપૂર્ણ સફેદ આરસપહાણમાંથી આ મકબરો બંધાવ્યો છે. આ આરસપહાણમાં અદ્ભુત નકશી કામ, ભવ્ય બાંધકામ, ઉત્કૃષ્ટ ચિત્રકારની જડાઉ પીચકારી જેવી વિશિષ્ટ કલા-કારીગરીના કારણે તે વિશ્વની સાત અજાયબીમાં સ્થાન પામેલ છે. આવાં સ્થાપત્યો દ્વારા જે-તે સમયની વિવિધ કલાશક્તિનો આપણને પરિચય મળે છે. જે-તે કલાકારમાં પડેલી કલા આવાં સ્થાપત્યો દ્વારા પ્રગટ થાય છે. અને તેનો લાભ અન્ય સમાજને મળે છે. આવી કલાઓ સાથે કામ પાડનાર માનવને આર્થિક જરૂરિયાત પણ પૂરી પડી રહે છે, એટલે એક દૃષ્ટિએ જોઈએ, તો આવાં સ્થાપત્યો તેના સ્થપતિઓ સ્વાન્તઃ સુખાય તો ખરા જ પણ સાથે સાથે દર્શનીય પ્રેરણીય અને આર્થિક બાબતોને પોષનારાં બની રહે છે.



8.12 તાજમહેલ

**વિચારો**

વર્તમાન સમયમાં બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, જમનોત્રી જેવાં યાત્રાધામોની યાત્રા માટે રસ્તાઓ બન્યાં છે. વર્ષો પહેલાં લોકો આ યાત્રા કઈ રીતે કરતાં હશે ?

## સ્વાધ્યાય

**1. નીચેના સ્થળ વિશે ટૂંકમાં માહિતી આપો :**

(1) સોમનાથ

(2) દ્વારકા

(3) રુદ્રમહાલય

(4) સિદીસૈયદની જાળી

(5) ફત્તેહપુર સિક્રી

(6) લાલ કિલ્લો

(7) તાજમહલ

2. નીચે આપેલ પ્રવાસ-આયોજનના આધારે તમારી શાળાના પ્રવાસનું આયોજન બનાવો. (પ્રવાસના આયોજન માટે ગુજરાતના નકશાનો ઉપયોગ કરો.)

| ક્રમ | રૂટની વિગત | અંદાજિત કિમી | રાત્રિરોકાણનું સ્થળ | દિવસની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | ભાણવડથી પોરબંદર | 62 | | |
| 2 | પોરબંદરથી સોમનાથ | 129 | સોમનાથ | 1 |
| 3 | સોમનાથથી સાસણગીર (દેવળિયા અભયારણ્ય) | 60 | | |
| 4. | સાસણગીરથી જૂનાગઢ | 80 | જૂનાગઢ | 1 |
| 5. | જૂનાગઢથી ગોંડલ | 64 | | |
| 6. | ગોંડલથી ચોટીલા | 80 | ચોટીલા | 1 |
| 7. | ચોટીલાથી લોથલ | 173 | | |
| 8. | લોથલથી અમદાવાદ | 75 | અમદાવાદ | 1 |
| 9. | અમદાવાદથી અડાલજ | 25 | | |
| 10. | અડાલજથી ગાંધીનગર | 20 | | |
| 11. | ગાંધીનગરથી ભાણવડ | 305 | રાત્રિ મુસાફરી | 1 |
| | કુલ ચાર રાત્રિ અને પાંચ દિવસ | | | |

•